રાજ્ય સરકાર દ્વારા 'શક્તિદૂત યોજના'માં સુધારા કરીને 'શક્તિદૂત 2.0 યોજના' અમલમાં મૂકવામાં આવી

# 'રમશે ગુજરાત', ખેલાડીઓને 50 લાખ સુધીની સહાય

**ગાંધીનગરમાં** આજથી યોજનાનો પ્રારંભ કરાશે, ૭૯૯ ખેલાડીઓને એવોર્ડ અપાશે

**૩૮૮** કરોડથી વધુના રમત સંકુલ-પુસ્તકાલયોનાં ઈ-ખાતમુહૂર્ત-લોકાર્પણ કરાશે

ગાંધીનગર: ગુજરાતના રમતવીરોને આંતરરાષ્ટ્રીય સ્તરે ચેમ્પિયન બનાવવાના હેતુથી રાજ્ય સરકારે 'શક્તિદૂત યોજના'માં વ્યાપક સુધારા કરીને 'શક્તિદૂત ૨.૦' અમલમાં મૂકી છે. આ નવી યોજનાનો રાજ્યવ્યાપી શુભારંભ ૧૨ ઓગસ્ટે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે થશે. નવી યોજનામાં ખેલાડીઓને મળતી મહત્તમ આર્થિક સહાય બમણી કરીને રૂ. ૨૫ લાખથી વધારી રૂ. ૫૦ લાખ કરવામાં આવી છે, જ્યારે ખેલાડીઓને સતત તેમના પ્રદર્શનના આધારે સહાય મળતી રહે તે માટે નિશ્ચિત સમયમર્યાદા પણ દૂર કરવામાં આવી છે. દિવ્યાંગ ખેલાડીઓને પણ સમાન સહાયનો લાભ મળશે અને પ્રતિભાશાળી ખેલાડીઓની ઓળખ માટે અરજીની લઘુત્તમ વયમર્યાદા ૧૨ વર્ષથી ઘટાડીને ૯ વર્ષથી ઉપર કરવામાં આવી છે. 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત'ના ધ્યેય સાથે અમલમાં મુકાયેલી શક્તિદૂત ૨.૦ યોજનાનો મુખ્ય ઉદ્દેશ રાજ્યના આશાસ્પદ ખેલાડીઓને જરૂરિયાત મુજબ પૌષ્ટિક આહાર, આધુનિક રમત સાધનો, દેશ-વિદેશમાં તાલીમ, નિષ્ણાત પ્રશિક્ષકો તથા તબીબી સહાય સહિતની સુવિધાઓ પૂરી પાડી ઓલિમ્પિક્સ, એશિયન ગેમ્સ અને અન્ય આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે ચેમ્પિયન તૈયાર કરવાનો છે.

નવી વ્યવસ્થામાં ખેલાડીઓની સંખ્યામાં પણ તબક્કાવાર વધારો કરવામાં આવશે.

### યોજનાનો લાભ કોને કોને મળશે?

આ પ્રોજેક્ટ્સનો લાભ અમદાવાદ, અમરેલી, આણંદ, બોટાદ, દાહોદ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, જામનગર, કચ્છ, મહીસાગર, મહેસાણા, મોરબી, નવસારી, પાટણ, પોરબંદર, સુરેન્દ્રનગર, તાપી અને વલસાડ સહિતના જિલ્લાઓના રમતવીરો અને યુવાનોને મળશે. રાજ્ય સરકારનો દાવો છે કે નવી યોજના અને વિસ્તરી રહેલા રમતગમત માળખા દ્વારા ગ્રામ્ય અને નાના શહેરોમાંથી પણ આંતરરાષ્ટ્રીય કક્ષાની પ્રતિભાઓને શોધી તેમને જરૂરી તાલીમ અને સહાય પૂરી પાડવામાં આવશે.

### યોજનામાં પસંદગી માટે નિષ્ણાતોની ભાગીદારી સાથે પોઈન્ટ આધારીત મૂલ્યાંકન કરાશે

શક્તિદૂત ૨.૦માં પસંદગી પ્રક્રિયાને વધુ વૈજ્ઞાનિક અને પારદર્શક બનાવવા રમત નિષ્ણાતોની ભાગીદારી સાથે પોઇન્ટ આધારિત મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે. ઓલિમ્પિક્સ, એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સ જેવી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓને પસંદગીમાં યોગ્ય પ્રાધાન્ય આપવામાં આવશે. વાર્ષિક અને દ્વિવાર્ષિક મૂલ્યાંકનના આધારે ખેલાડીઓની શ્રેણીમાં સુધારો કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જ્યારે શક્તિદૂત યોજનામાં સામેલ ન હોય પરંતુ વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓને 'શક્તિદૂત બી' પહેલ હેઠળ તાત્કાલિક નાણાકીય સહાય આપવામાં આવશે.

### 11 વર્ષમાં ખેલાડી 831 ખેલાડી રાષ્ટ્રીય કક્ષાએ અને 773 ખેલાડીએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ મેડલો જીત્યા છે

શક્તિદૂત યોજનાની અત્યાર સુધીની સફળતાનો અંદાજ એ વાત પરથી આવે છે કે વર્ષ ૨૦૧૫થી અત્યાર સુધી યોજનાના ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ ૮૩૧ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૭૭૩ સહિત કુલ ૧,૬૦૪ મેડલ જીતીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. ટોક્યો ઓલિમ્પિક્સ ૨૦૨૧ અને પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪માં ગુજરાતના ત્રણ-ત્રણ શક્તિદૂત ખેલાડીઓએ દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ ઉપરાંત વિવિધ એશિયન ગેમ્સ, એશિયન વિન્ટર ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સમાં પણ શક્તિદૂત ખેલાડીઓએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે.

# જમીનમાં ઉથી ૪ ફૂટ ખાડો ખોદી ક્રૂડ ઓઈલ ચોરતી આંતરરાજ્ય ગેંગ ઝડપાઈ

**રાજસ્થાનના** બાલોત્રામાં પાઈપલાઈનમાં પંચર કરી વાલ્વ બેસાડી ઓઈલ કાઢી લેતાં

**ક્રૂડ** ઓઈલ અમદાવાદ-રાજકોટ હાઈવે પર વેચાતું, ગુજરાત-રાજસ્થાનના ૮ ઓઈલ ચોર ઝડપાયા

ગાંધીનગર: ગુજરાત અને રાજસ્થાનમાં સંગઠિત ગુનાખોરીના નેટવર્ક પર નજર રાખી રહેલી ગુજરાત એટીએસે રાજસ્થાન પોલીસ સાથે સંયુક્ત કાર્યવાહી કરીને એચપીસીએલની ક્રૂડ ઓઈલ પાઈપલાઈનમાં ગેરકાયદે પંચર પાડી તેમાંથી ક્રૂડ ઓઈલની ચોરી કરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો છે. રાજસ્થાનના બાલોત્રા જિલ્લામાં જમીનમાં ત્રણથી ચાર ફૂટ ઊંડો ખાડો ખોદીને પાઈપલાઈનમાં પંચર કરી તેમાં વાલ્વ બેસાડવામાં આવ્યો હતો.

ચોરી કરાયેલું ક્રૂડ ઓઈલ ગુજરાતમાં અમદાવાદ-રાજકોટ હાઈવે પર વેચવાનું કાવતરું ઘડવામાં આવ્યું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. સમગ્ર પ્રકરણમાં ગુજરાત, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ સાથે સંકળાયેલા કુલ આઠ શખ્સની ધરપકડ કરવામાં આવી છે.

**કુવાડવા નજીકથી શખ્સ ઝડપાયો ને તપાસ રાજસ્થાન સુધી પહોંચી**

બાતમીના આધારે એટીએસની ટીમે અમદાવાદ-રાજકોટ હાઈવે પર કુવાડવા નજીક સોખડા ગામ જવાના રસ્તા પર એક શખ્સને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૩૫(૧) હેઠળ અટકાવ્યો હતો. તેની પાસેથી મળેલા ક્રૂડ ઓઈલ અંગે પૂછપરછ કરતાં આ ઓઈલ રાજસ્થાનના બાલોત્રા જિલ્લાના કાલુડી ગામેથી લાવ્યું હોવાનું તેણે જણાવ્યું હતું. આ માહિતીના આધારે તપાસની કડી રાજસ્થાન સુધી પહોંચી હતી.

**રાજસ્થાનમાં ધાબા પરથી સાત સાગરીતો ઝડપાયા**

ત્યારબાદ એટીએસની ટીમે રાજસ્થાનના ટાપરા નજીકના ધાબા પરથી કાવતરામાં સંડોવાયેલા અન્ય સાત શખ્સને ઝડપી લીધા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ કબૂલ્યું હતું કે બાલોત્રાના પચપદરા તાલુકાના કાલુડી ગામની સીમમાં ખરાબાની જમીનમાં ત્રણથી ચાર ફૂટ ઊંડો ખાડો ખોદીને એચપીસીએલની ક્રૂડ ઓઈલ પાઈપલાઈનમાં ગેરકાયદે પંચર કરી વાલ્વ બેસાડવામાં આવ્યો હતો.

આ માહિતી મળ્યા બાદ એટીએસે એચપીસીએલના અધિકારીઓ અને રાજસ્થાન પોલીસને સાથે રાખીને કાલુડી ગામની સીમમાં સ્થળ તપાસ કરી હતી. દરમિયાન જમીનમાં ત્રણથી ચાર ફૂટ ઊંડા ખાડામાં એચપીસીએલની ક્રૂડ ઓઈલ પાઈપલાઈનમાં ગેરકાયદે પંચર કરી લગાવવામાં આવેલો વાલ્વ મળી આવ્યો હતો.

## અમદાવાદ પોલીસ કન્ટ્રોલ રૂમનો કોન્સ્ટેબલ જ દારૂની હેરાફેરીમાં ઝડપાયો

અમદાવાદ: અમદાવાદના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થલતેજના જીવનદીપ સર્કલ પાસે દારૂ ભરેલી બિનવારસી કાર મળી આવ્યા બાદ હાથ ધરાયેલી તપાસમાં આખરે અમદાવાદ પોલીસ કન્ટ્રોલ રૂમમાં ફરજ બજાવતા એક કોન્સ્ટેબલનું નામ સામે આવતા વસ્ત્રાપુર પોલીસે આ મામલે કોન્સ્ટેબલ અશોક જોઈતાભાઈ પટેલની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આમ પોલીસ કન્ટ્રોલ રૂમમાં ફરજ બજાવતા કર્મચારીનું નામ જ દારૂની હેરાફેરીમાં સામે આવતાં પોલીસ તંત્રમાં પણ ખળભળાટ મચી જવા પામ્યો છે. વસ્ત્રાપુર જીવનદીપ સર્કલ પાસે દારૂ ભરેલી બિનવારસી કારમાંથી 313 બોટલ અને 102 બિયર કેન સહિત રૂ.2.51 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. જેમાં પોલીસ તપાસ દરમિયાન પોલીસે 8 જુલાઈના રોજ નારણપુરામાં રહેતા અને કેટરિંગનો વ્યવસાય કરતા 26 વર્ષીય ચિરાગ વીરાજીભાઈ ચૌધરીને ઝડપી પાડ્યો હતો.

# ત્રણ સુન્ની મુસ્લિમ રાષ્ટ્રો વચ્ચેના મક્કા સંરક્ષણ કરાર પછી ભારતની ચિંતા વધી ગઈ છે



ટુ ધ પોઈન્ટ ■ સંજય વોરા ■

મુસ્લિમ નાટો તરીકે ઓળખાતા સાઉદી અરેબિયા, પાકિસ્તાન અને તુર્કી વચ્ચેના મક્કા સંરક્ષણ કરારની પાકિસ્તાનમાં ઉજવણી થઈ રહી છે, પણ તેને કારણે ભારતની ચિંતામાં વધારો થયો છે. પાકિસ્તાનીઓનો દાવો છે કે હવે જો ભારત પાકિસ્તાન પર હુમલો કરશે તો સાઉદી અરેબિયા અને તુર્કી ઇસ્લામાબાદને મદદ કરશે. આ સંરક્ષણ કરારમાં એવી શરત મૂકવામાં આવી છે કે એક દેશ પર હુમલો બીજા દેશ પર હુમલો માનવામાં આવશે. નિષ્ણાતો કહે છે કે તેમાં કોઈ શંકા નથી કે મક્કા સંરક્ષણ કરારથી પાકિસ્તાનની રાજદ્વારી સ્થિતિ નોંધપાત્ર રીતે મજબૂત થઈ છે અને ભવિષ્યમાં તેની લશ્કરી શક્તિમાં નોંધપાત્ર વધારો થશે. ભારત અને સાઉદી અરેબિયાના સંબંધો લાંબા સમયથી મજબૂત રહ્યા છે. હજારો ભારતીયો સાઉદી અરેબિયામાં કામ કરે છે. સાઉદી પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન ઘણી વખત ભારતની મુલાકાત લઈ ચૂક્યા છે. સાઉદી નિષ્ણાતો કહે છે કે પાકિસ્તાન સાથેના સંરક્ષણ કરારનો અર્થ એ નથી કે ઇસ્લામાબાદને ભારત સાથે ભવિષ્યમાં સંઘર્ષમાં જોડાવા માટે રિયાધ અથવા અંકારા તરફથી છૂટ મળી ગઈ છે.

મક્કા કરાર ત્રણેય સુન્ની રાષ્ટ્રોને એકબીજાની ખૂબ નજીક લાવશે, જેના પરિણામે ભારત વિરુદ્ધ પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથો આતંકવાદી હુમલાઓ માટે ભંડોળ એકત્ર કરવાના સંદર્ભમાં સાઉદી અરેબિયામાં તેમની પ્રવૃત્તિઓનો વિસ્તાર કરી શકે છે. ૧૯૯૦ ના દાયકામાં અફઘાનિસ્તાનમાં સાઉદી નાણાં મેળવવામાં પાકિસ્તાની ડીપ સ્ટેટ દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકાને ભૂલવી ન જોઈએ. આ ભંડોળના કારણે જ અફઘાનિસ્તાનમાં અલ કાયદા અને ખોસ્ત, જલાલાબાદ અને કંદહારમાં લશ્કર-એ-તૈયબા જેવી આતંકવાદી શિબિરોનો ઉદય થયો હતો. ભારત વિરુદ્ધ આતંકવાદી હુમલાઓમાં તુર્કી સ્થિત કાર્યકરોની સંડોવણી ગંભીર ચિંતાનો વિષય છે કારણ કે આ પાકિસ્તાન સ્થિત સુન્ની આતંકવાદી જૂથો જેમ કે લશ્કર અને જૈશ-એ-મોહમ્મદ દ્વારા ભારતને નિશાન બનાવવા માટે વિખ્યાત છે. પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથો પ્રથમ દાયકામાં સાઉદી અરેબિયામાં ભંડોળ એકત્ર કરવા માટે જાણીતા છે. આનું ઉદાહરણ હૈદરાબાદમાં જન્મેલા મહમૂદ અહેમદ બહાઝિક છે, જે સાઉદી અરેબિયામાં પાકિસ્તાન સ્થિત લશ્કર માટે ભંડોળ એકત્ર કરતો હતો. આ તે સમયગાળો હતો જ્યારે પાકિસ્તાની ડીપ સ્ટેટે ભારતીય મુસ્લિમોનો ઉપયોગ કરીને ભારતના અંતરિયાળ વિસ્તારોમાં હુમલાઓ માટે કટ્ટરપંથી બનાવવા માટે સાઉદી અરેબિયા અને ગલ્ફમાં ભારતીય ડાયસ્પોરાનાં ઘણાં લોકોને ભરતી કર્યાં હતાં. ૨૦૦૨ નાં ગુજરાત રમખાણોના નામે ભારત વિરુદ્ધ હુમલાઓ માટે પાકિસ્તાન દ્વારા સાઉદી અરેબિયામાં અને ગલ્ફમાં ઘણા યુવાનોને આતંકવાદી જૂથોમાં ભરતી કરવામાં આવ્યા હતા.

ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે ૨૦૨૫માં સ્થાપિત સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કાઉન્સિલ દ્વારા સંરક્ષણ કરાર થયા છે. આ કરાર હેઠળ ભારતીય નૌકાદળ અને સેનાના અધિકારીઓએ સાઉદી અરેબિયા સાથે વાતચીત કરે છે. સાઉદી અરેબિયાના યુઝર બદૂરે સોશ્યલ મીડિયા પર આ દાવાને સીધો પડકાર ફેંક્યો કે મક્કા કરારને ભારત વિરુદ્ધ આક્રમક કરાર તરીકે જોવો જોઈએ. બદૂરે લખ્યું કે સાઉદી અરેબિયાની ભારત અને ગ્રીસ સાથે મજબૂત વ્યૂહાત્મક મિત્રતા છે. સાઉદી અરેબિયાએ ઉચ્ચ સ્તરીય રાજદ્વારી દ્વારા ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ઓછો કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેણે પાછળથી યુદ્ધવિરામમાં ફાળો આપ્યો હતો. મક્કા સંરક્ષણ કરાર સંપૂર્ણપણે રક્ષણાત્મક સ્વભાવનો છે અને કોઈ પણ દેશ વિરુદ્ધ નિર્દેશિત નથી. તે ફક્ત ત્યારે જ અમલમાં આવશે જ્યારે ત્રણમાંથી કોઈ પણ દેશમાં દુશ્મન દ્વારા હુમલો કરવામાં આવશે. તેને સમગ્ર વિશ્વ દ્વારા માન્યતા આપવી જોઈએ. બદૂરનું નિવેદન દર્શાવે છે કે સાઉદી અરેબિયામાં આ કરારને ફક્ત ભારત વિરોધી કરાર તરીકે જોવામાં આવતો નથી.

સાઉદી અરેબિયા, પાકિસ્તાન અને તુર્કી વચ્ચે થયેલા મક્કા કરાર બાદ ઇઝરાયલ માને છે કે આ કરાર ભારત સાથેના તેના સંબંધોને વધુ મજબૂત બનાવશે. હકીકતમાં ગયા ગુરુવારે એક અણધારી ઘટના બની. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં લખ્યું હતું કે તેમને વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂનો ફોન આવ્યો હતો અને બંને નેતાઓએ પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી. અમે ભારત-ઇઝરાયલ સ્પેશ્યલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપનાં વિવિધ પાસાંઓ પર થયેલી પ્રગતિની સમીક્ષા કરી, જે સતત મજબૂત થઈ રહી છે. મોદીએ આ સંદેશ અંગ્રેજી અને હિબ્રુમાં પોસ્ટ કર્યો અને નેતન્યાહૂએ તેને ફરીથી પોસ્ટ કર્યો. મક્કા કરાર પછી એક વાત સ્પષ્ટ છે કે ભારત અને ઇઝરાયલ વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે.

કરાર પર હસ્તાક્ષર થયા પછી, જેની પુષ્ટિ પાકિસ્તાની વિદેશ મંત્રાલયે કરી હતી કે તેમાં નાટો જેવી કલમ-૫ નો સમાવેશ થાય છે, જેનો અર્થ એ થાય કે એક પર હુમલો બધા પર હુમલો માનવામાં આવશે. ધ વોલ સ્ટ્રીટ જર્નલે તે ક્ષણનું યોગ્ય રીતે વર્ણન કરતાં લખ્યું કે જ્યારે એક મહાસત્તા ડગમગી જાય છે, ત્યારે પ્રાદેશિક શક્તિઓ પોતાનો બચાવ કરવાનું શરૂ કરે છે. અમેરિકા ડગમગી રહ્યું છે અને મધ્ય પૂર્વીય દેશો પોતાની સુરક્ષા માટે નવી વ્યવસ્થા ઊભી કરી રહ્યા છે.

તુર્કીના વિદેશ પ્રધાન હકાન ફિદાને રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગનના વિઝનને ટાંકીને કહ્યું કે જોડાણ ફક્ત ત્રણ દેશો સુધી મર્યાદિત ન રહેવું જોઈએ. આપણે મક્કા કરારનો વિકાસ કરવો જોઈએ અને જો જરૂરી હોય તો બધા મુસ્લિમ દેશોને આ છત્ર હેઠળ લાવવા જોઈએ. અત્યાર સુધી ઇજિપ્ત એક માત્ર એવો દેશ છે જેને સહી કરનાર દ્વારા જાહેરમાં આગામી સંભવિત સભ્ય તરીકે ઓળખવામાં આવ્યો છે. ફિદાને કૈરોને કુદરતી ભાગીદાર ગણાવ્યું અને કહ્યું કે તેમાં જોડાવા પહેલાં ફક્ત તકનીકી મુદ્દાઓ બાકી રહ્યા છે. ઇજિપ્ત આફ્રિકાનું સૌથી મજબૂત સૈન્ય અને વિશ્વનું ૧૯મું સૌથી શક્તિશાળી રાજ્ય છે. તે હજારો ટેન્કો અને એક શક્તિશાળી હવાઈ અને નૌકાદળના કાફલા દ્વારા સમર્થિત ૪.૪ લાખથી વધુ સક્રિય સૈનિકો ધરાવે છે. વિશ્લેષકો કહે છે કે ઇજિપ્ત જોડાણના રાજકીય અને લશ્કરી વજનમાં નોંધપાત્ર વધારો કરશે. ઇજિપ્ત ઉપરાંત, કતાર અને કુવૈતને ગલ્ફના સૌથી મજબૂત ઉમેદવારો તરીકે વ્યાપકપણે જોવામાં આવે છે. કતાર યુનિવર્સિટીના અલી બકીરે કતારને સૌથી કુદરતી ગલ્ફ પ્રવેશકર્તા ગણાવ્યો હતો. કતારના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હમાદ બિન જાસિમ અલ થાનીએ X પર એક પોસ્ટમાં આશા વ્યક્ત કરી હતી કે ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC) ના બધા સભ્યો આખરે મક્કા સંયુક્ત સંરક્ષણ કરારમાં જોડાશે. GCC એ છ દેશોનું રાજકીય, આર્થિક અને સુરક્ષા જૂથ છે જેમાં સાઉદી અરેબિયા, UAE, કતાર, કુવૈત, બહેરીન અને ઓમાનનો સમાવેશ થાય છે. આ જૂથ હવે મક્કા કરારમાં જોડાઈ શકે છે.

મક્કા કરાર એ બદલાતી વિશ્વ વ્યવસ્થાનો મધ્ય પૂર્વનો જવાબ હોય તેવું લાગે છે, જ્યાં અમેરિકા આ પ્રદેશનો નિર્વિવાદ સુરક્ષા પ્રદાતા રહ્યો છે. મધ્ય પૂર્વમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી ઈરાની હુમલાઓ અને અમેરિકાના વળતા હુમલા ચાલુ રહ્યા છે. આનાથી અમેરિકાના ગલ્ફના સાથીઓને પણ ખ્યાલ આવ્યો છે કે ભારે અમેરિકન લશ્કરી સમર્થન પણ આ પ્રદેશને યુદ્ધનાં પરિણામોથી સંપૂર્ણપણે બચાવી શકશે નહીં. અમેરિકા હવે તેના દ્વારા શરૂ કરાયેલા યુદ્ધમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધી રહ્યું છે. મક્કા કરાર એ સંકેત આપતો કરાર છે કે પ્રદેશના દેશો હવે તેમની સુરક્ષા અને સલામતી માટે અમેરિકા અને તેનાં લશ્કરી થાણાંઓ પર આધાર રાખી શકતા નથી.

ભારતીય સેનાના પાયદળના ભૂતપૂર્વ ડિરેક્ટર જનરલ શશી અસ્થાને મોર્ડન ડિપ્લોમસીમાં લખ્યું છે કે આ કરાર સાઉદી અરેબિયાની વધતી જતી અસુરક્ષાને કારણે થયેલો વ્યૂહાત્મક સંરક્ષણ કરાર વધુ છે. ત્રણેય દેશો લશ્કરી અને રાજકીય શક્તિઓને એક કરી રહ્યા છે, કારણ કે તેઓ હવે અમેરિકાની વિશ્વસનીયતાને હળવાશથી લેતા નથી. અમેરિકા સ્થિત ન્યૂ લાઇન્સ ઇન્સ્ટિટ્યૂટના વિશ્લેષક ડેનિયા એફ અરેસીએ X ને કહ્યું કે મક્કા કરાર સામુહિક સુરક્ષા કરાર માટે આહ્વાન છે. તે સુન્ની કરાર કે ઈરાન વિરોધી કરાર નથી. તે પ્રદેશ માટે એક સામુહિક સુરક્ષા માળખું છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**મક્કા સંરક્ષણ કરાર એ સંકેત આપતો કરાર છે કે ગલ્ફના દેશો હવે તેમની સુરક્ષા અને સલામતી માટે અમેરિકા અને તેનાં લશ્કરી થાણાંઓ પર આધાર રાખી શકતાં નથી**

# BUSINESS મિત્ર

ઓઈલના ભડકા અને પ્રોફિટ બુકિંગથી સેન્સેક્સ ૩૮૮ પોઈન્ટ તૂટ્યો, સ્મોલકેપ શેરો સુધર્યા

# ક્રૂડમાં ઉછાળો અને વૈશ્વિક તણાવ: સેન્સેક્સ-નિફ્ટીમાં કડાકો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 11: અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ ચાલુ રહ્યો છે અને સમજૂતી નહીં થવાના કારણે ક્રુડ ઓઈલના ભાવમાં ફરીથી ઉછાળો જોવા મળી રહ્યો છે અને તેની અસર રૂપિયા પર પડી હતી, નબળો રૂપિયો પડતા ભારતીય શેરબજારમાં વેચવાલી હાવી રહી હતી. જેમાં નિફ્ટીની વીકલી એક્સપાયરીના કારણે વેચવાલીનું દબાણ રહેતા સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જોકે, બ્રોડર માર્કેટમાં મિશ્ર વલણ જોવાયું હતું. આજે ફાર્મા શેરોમાં જોરદાર તેજી જોવા મળી હતી. વૈશ્વિક નબળા સંકેતો અને એનએસઈ વીકલી એક્સપાયરીના કારણે રોકાણકારોનું સેન્ટિમેન્ટ નબળું રહેતા મોટા ભાગના ઈન્ડેક્સ નરમ બંધ રહ્યા હતા. સેક્ટર વાઈઝ જોઈએ તો એફએમસીજી, રિયલ્ટી અને મેટલ શેરોમાં ઘટાડો રહ્યો હતો, જ્યારે ફાર્મા, આઈટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સના શેરોમાં લેવાલી રહી હતી.

બીએસઈ સેન્સેક્સ 388.19 પોઈન્ટ એટલે કે 0.49 ટકા ઘટીને 78154.25 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78509 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 78048.26 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. નિફ્ટી 112.10 પોઈન્ટ એટલે કે 0.46 ટકા ઘટીને 24471.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટીએ 24500 પોઈન્ટની સપાટી તોડીને નીચે બંધ રહી હતી. ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24576 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24429 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 240.70 પોઈન્ટ એટલે કે 0.42 ટકા ઘટીને 57446.25 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે સીઆઈઈ ઓટોમેટિવમાં 104.05 ગણા, ઈન્દ્રપ્રસ્થ ગેસમાં 15.94 ગણા, કેઈસી ઈન્ટરનેશનલમાં 7.78 ગણા, ફાઈવસ્ટાર બિઝનેસ ફાઈ. માં 5.86 ગણા અને ત્રિવેણી ટર્બાઈનમાં 4.52 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ગ્લાન્ડ ફાર્મામાં 13.82 ગણા, સીઆઈઈ ઓટોમેટિવમાં 9.29 ગણા, ઝાયડસ લાઈફસાયન્સીસમાં 6.23 ગણા, ચેન્નાઈ પેટ્રોલીયમ કોર્પોરેશનમાં 6.18 ગણા અને અમરરાજા એનર્જીમાં 6.17 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ સપાટ રહ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.24 ટકા સુધર્યો હતો. જોકે, માર્કેટ બ્રેડથ નેગેટિવ રહી હતી. બીએસઈ ખાતે 2032 શેરો વધ્યા હતા, જ્યારે 2280 શેરો ઘટ્યા હતા, કુલ 209 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ 1.34 ટકા ઘટયો હતો. જેમાં ટાટા કન્ઝ્યુમર, નેસલે ઈન્ડિયા, ઈમામી, વરૂણ બેવરેજીસ, આઈટીસી, મેરિકો, એચયુએલ, રેડિકો ખૈતાન, ગોદરેજ કન્ઝ્યુમર અ ડાબર ઈન્ડિયા ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુકેના નબળા રિટેલ ડેટા તથા યુએસ ઈરાન તણાવ વચ્ચે આજે યુરોપિયન બજારો નરમ ચાલી રહ્યા છે. યુકેના રિટેલ વેચાણ વૃદ્ધિ જુલાઈમાં ધીમી પડી છે, જેમાં વેચાણ 1.3 ટકા વાર્ષિક ધોરણે વધ્યું હતું. જે એક વર્ષ અગાઉ 2.5 ટકા અને જુન 2026માં 1.9 ટકાની વૃદ્ધિની તુલનામાં હતું. વૈશ્વિક ફુગાવાના દ્રષ્ટિકોણ પર અનિશ્ચિતતા ચાલુ હોવાથી એશિયન બજારો પણ મિશ્ર રહ્યા હતા. હોર્મુઝ મુદ્દે હજુય બંને દેશો વચ્ચે કોઈ સમજૂતી થઈ નહોવાથી ક્રુડ ઓઈલના ભાવ વધતા જોવા મળ્યા છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.06 ટકા, ડેક્સ 0.01 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 0.13 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.04 ટકા, સ્ટ્રેઈટસ 0.97 ટકા, તાઈવાન 0.43 ટકા, કોસ્પી 0.72 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 1.04 ટકા, જકાર્તા 1.56 ટકા અને શાંઘાઈ 0.83 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### ક્રુડના ભાવ વધતા રૂપિયો વધુ નબળો પડ્યો

ક્રુડ ઓઈલના ભાવમાં ઉછાળો આવતા રૂપિયા ઉપર અસર પડી હતી અને રૂપિયો વધુ નરમ પડયો છે. આજે ડોલરની સામે રૂપિયો 13 પૈસા નબળો પડીને 95.44ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.31ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.70, પાઉન્ડ 128.97, કેનેડિયન ડોલર 68.66, ઓસ્ટ્રેલિયન ડોલર 67.76, જાપાનીઝ યેન 0.5993 અને સીંગાપોર ડોલર 74.56ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.44 રૂ. |
| યુરો | 109.70 રૂ. |
| પાઉન્ડ | 128.97 રૂ. |
| યેન | 0.5993 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -388.19 | 78154.25 |
| નિફ્ટી | -112.10 | 24471.70 |
| બેન્ક નિફ્ટી | -240.25 | 57446.25 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ડો. રેડ્ડીઝ લેબ | 3.99 | 1205.00 |
| ઇટર્નલ | 2.50 | 318.00 |
| ટીસીએસ | 0.82 | 2445.70 |
| ટાઇટન કંપની | 0.75 | 5128.00 |
| ઇન્ફોસીસ | 0.65 | 1190.70 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા કન્ઝ્યુમર | 2.77 | 1078.00 |
| મેક્સ હેલ્થકેર | 2.71 | 1040.00 |
| નેસલે ઇન્ડિયા | 2.32 | 1493.20 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 2.14 | 11780.00 |
| અપોલો હોસ્પિટલ | 1.81 | 8750.50 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ડો. રેડ્ડીઝ લેબ | 3.99 | 1205.00 |
| ઇટર્નલ | 2.50 | 318.00 |
| ટીસીએસ | 0.82 | 2445.70 |
| ટાઇટન કંપની | 0.75 | 5128.00 |
| ઇન્ફોસીસ | 0.65 | 1190.70 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા કન્ઝ્યુમર | 2.77 | 1078.00 |
| મેક્સ હેલ્થકેર | 2.71 | 1040.00 |
| નેસલે ઇન્ડિયા | 2.32 | 1493.20 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 2.14 | 11780.00 |
| અપોલો હોસ્પિટલ | 1.81 | 8750.50 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ” | ૧૩૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ ” | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ ” | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-30 | ૫૨૦૦ |
| એસ-30 | ૫૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૧૦૦ |
| એસ-30 | ૫૦૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૭૭૫૦ |
| તેજાબી સોનું | ૧૪૭૬૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૦૩૬૦ |
| દાગીના-બીઆઇએસ હોલમાર્ક | ૧૪૪૮૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૭૭૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૧૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૩૧૦૦ |

# ઈક્વિટી MFમાં રોકાણ ૧૫% ઘટ્યું, પણ સ્મોલકેપે રચ્યો નવો રેકોર્ડ

**જુલાઈમાં** સ્મોલકેપ ફંડ્સમાં અત્યાર સુધીનો સૌથી મોટો ₹૭,૭૬૭ કરોડનો પ્રવાહ; લાર્જકેપમાંથી રોકાણકારોએ નાણાં પાછા ખેંચ્યા

નવી દિલ્હી, તા. 11: જુલાઈમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણની ગતિ થોડી ધીમી પડી છે. ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં ગયા મહિને 24697 કરોડ રૂપિયાનો પ્રવાહ જોવા મળ્યો હતો, જે જૂનમાં 28973 કરોડ રૂપિયા હતો. એટલે કે જુલાઈમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણમાં 15 ટકાનો ઘટાડો થયો છે. જો કે, કુલ રોકાણમાં ઘટાડો હોવા છતાં, સ્મોલકેપ મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણે નવો રેકોર્ડ બનાવ્યો છે અને આ કેટેગરીમાં અત્યાર સુધીનો સૌથી વધુ માસિક ઈનફ્લો જોવા મળ્યો છે.

જુલાઈમાં 11 ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ કેટેગરીમાં સ્મોલકેપ ફંડ્સ ટોપ સ્કોરર હતા. આ કેટેગરીને રૂ.7,767 કરોડનો પ્રવાહ મળ્યો છે. એક મહિનામાં સ્મોલકેપ ફંડમાં આ અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ છે. જૂનની સરખામણીમાં જુલાઈમાં સ્મોલકેપ ફંડના પ્રવાહમાં 39 ટકાનો વધારો થયો છે. સ્મોલકેપ બાદ મિડકેપ મ્યુચ્યુઅલ ફંડ્સમાં સૌથી વધુ રોકાણ આવ્યું હતું. જુલાઈમાં મિડકેપ ફંડ્સમાં 6192 કરોડ રૂપિયાનો પ્રવાહ જોવા મળ્યો હતો. ત્યારબાદ ફ્લેક્સિકેપ ફંડ્સે જુલાઈ દરમિયાન 4709 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. તે જ સમયે, લાર્જ અને મિડકેપ ફંડ્સમાં રૂ.3,425 કરોડ અને મલ્ટિકેપ ફંડ્સમાં રૂ.3227 કરોડનો પ્રવાહ જોવા મળ્યો હતો. આ નાણાં ચાર ઈક્વિટી ફંડ કેટેગરીમાંથી આવ્યા હતા.

જુલાઈમાં, ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સની ચાર કેટેગરીમાં રોકાણને બદલે આઉટફ્લો જોવા મળ્યો હતો. જેમાંથી સૌથી વધુ 1321 કરોડ રૂપિયા લાર્જકેપ ફંડ્સમાંથી ઉપાડવામાં આવ્યા હતા. આ પછી ઈએલએસએસ ફંડમાંથી 959 કરોડ રૂપિયા ઉપાડવામાં આવ્યા હતા. તે જ સમયે, ડિવિડન્ડ યીલ્ડ ફંડ્સમાંથી 169 કરોડ રૂપિયા અને મૂલ્ય-કોન્ટ્રા ફંડ્સમાંથી 144 કરોડ રૂપિયાનો આઉટફ્લો થયો હતો.

જુલાઈમાં હાઈબ્રિડ ફંડ્સમાં 11490 કરોડ રૂપિયાનો પ્રવાહ જોવા મળ્યો હતો. જૂનમાં આ આંકડો 12892 કરોડ રૂપિયા હતો. એટલે કે હાઈબ્રિડ ફંડ્સમાં રોકાણમાં એક મહિનામાં 11 ટકાનો ઘટાડો થયો છે. વાર્ષિક ધોરણે આ ઘટાડો વધુ હતો. જુલાઈ 2025માં હાઈબ્રિડ ફંડમાં 20879 કરોડ રૂપિયાનો પ્રવાહ આવ્યો હતો. તેની સરખામણીમાં, જુલાઈ 2026માં રોકાણ 45 ટકા ઓછું હતું.

જુલાઈમાં સમગ્ર મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ)માં પણ વધારો થયો હતો. કુલ એયુએમ દર મહિને 4 ટકા વધીને 85.59 લાખ કરોડ રૂપિયા થઈ છે. જૂનમાં તે 82.05 લાખ કરોડ રૂપિયા હતો.

# બેન્કોએ 12 વર્ષમાં 10 લાખ કરોડ રૂપિયાની લોન માંડવાળ કરી

**સરકારે** સંસદમાં હિસાબી પ્રક્રિયા ગણાવી: "લોન માંડવાળ છતાં વસૂલાતની કામગીરી ચાલુ

નવી દિલ્હી, તા. 11: નાના લોનધારકોને એક-એક હપ્તાની વસુલાત માટે હેરાન કરતી બેન્કોએ છેલ્લા 12 વર્ષમાં મોટા ઉદ્યોગો અને સર્વિસીસ રૂ. 9.95 લાખ કરોડની લોનની માંડવાળ કરી છે. આ અંગે સંસદમાં માહિતી આપતા કેન્દ્રીય રાજ્ય નાણાક મંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, બેન્કો દ્વારા કરાતી લોનની માંડવાળની રકમ નાણાકીય વર્ષ 2018-19માં રૂ. 1,48,753 કરોડ હતી, જે 2025-26માં ઘટીને રૂ. 20,485 કરોડ નોંધાઈ હતી. મોટા ઉદ્યોગો અને સેવાઓની બાકી લોનની રકમ અંગે રિઝર્વ બેન્કના આંકડાની વિગતો રજૂ કરતા તેમણે જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ 2024-25માં બાકી લોનની કુલ રકમ રૂ. 63,19,057 કરોડ હતી, જે વધીને નાણાકીય વર્ષ 2025-26માં રૂ. 69,21,734 કરોડ નોંધાઈ હતી. અન્ય એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે, સરકાર સાતત્યપુર્ણ આર્થિક વૃદ્ધિ જાળવવાની સાથે નાણાકીય શિસ્ત જાળવવા માટે માટે પ્રતિબદ્ધ છે.

નાણા વર્ષ 2020-21માં નાણાકીય ખાધ જીડીપીના 9.2 ટકા હતી, જે 2025-26માં ઘટીને 4.4 ટકા રહેવા પામી છે. આ સાથે જ બાકી દેવું 2020-21ના જીડીપીના 61.5 ટકાથી 2025-26માં ઘટીને 58.2 ટકા રહેવા પામ્યું છે, જે નાણાકીય શિસ્તમાં સતત થઈ રહેલો સુધારો સુચવે છે, તેમ તેમણે ઉમેર્યુ હતું. આ ઉપરાંત, 2020-21ના રૂ. 4.3 લાખ કરોડની તુલનાએ મુડી ખર્ચ 2025-26 વધીને રૂ. 107. લાખ કરોડ થયો છે.